RIGHT TO INFORMATION

**ઈ. એચ. પઠાણ**
કાર્યપાલક ઈજનેર અને
અપીલ અધિકારી (ડ્રેનેજ વિભાગ)
**સુરત મહાનગરપાલિકા**

અરજદાર :– શ્રી ગોહિલ માનવેન્દ્રસિંહ અજીતસિંહ
સામાવાળા:– જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે.ઈજનેરશ્રી (ડ્રેનેજ વિભાગ)
**ફરિયાદની હકિકત :–**

વિષયઃ–આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી ગોહિલ માનવેસિંહ અજીતસિંહ ની અરજી આઈ.ડી. નં. ૧૬૨૦, તા.૧૫/૧૦/૨૦૧૬ બાબત.

સંદર્ભઃ– (૧) અત્રેના વિભાગનો પત્ર ડીએનજી/આરટીઆઈ/ જાવક/૭૫, તા.૦૮/૧૧/૧૬
(૨) અત્રેના વિભાગનો પત્ર ડીએનજી/આરટીઆઈ/ જાવક/૮૨, તા.૩૦/૧૧/૧૬
(૩) અરજદારની અપીલ અરજી નં.ડીએનજી/ઈન/આર.ટી.આઈ./૯૨, તા.૦૭/૧૨/૧૬.
(૪) અત્રેના વિભાગનો પત્ર આરટીઆઈ/જાવક/૮૫, તા.૧૩/૧૨/૧૬

માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ ઉપરોકત વિષય અને સંદર્ભથી શ્રી ગોહિલ માનવેસિંહ અજીતસિંહ ની અરજી નં.–૧૬૨૦ (સેન્ટ્રલ ઝોન), તા.૧૫/૧૦/૨૦૧૬ ના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે. ઈજનેરશ્રી, ડ્રેનેજ વિભાગ તરફથી આપવામાં આવેલ પ્રત્યુત્તર પત્ર નં. ડ્રેનેજ/આરટીઆઈ/જાવક/૭૫, તા.૦૮/૧૧/૧૬ ના અનુસંધાનમાં અરજદાર ધ્વારા તા.૨૪/૧૧/૨૦૧૬ ના રોજ રેકર્ડ ચકાસણી કરવામાં આવેલ હતી. જે સંદર્ભે જણાવેલ જરૂરી માહિતી માટેના કુલ ૭૦૦ પાનાના રૂ.૧૪૦૦/– ભરવા બાબતે સંદર્ભ–૨ માં જણાવ્યા મુજબ પત્ર તેઓને પાઠવવામાં આવેલ હતો. અત્રેથી આપશ્રીની પ્રથમ અપીલ અરજી અપીલ અધિકારીશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રી (ડ્રેનેજ વિભાગ) ને સંદર્ભ (૩) હેઠળના પત્રથી તા.૦૭/૧૨/૨૦૧૬ ના રોજ અત્રેના ખાતાને મળેલ જેના અનુસંધાનમાં અરજદારશ્રીને સંદર્ભ (૪) હેઠળના પત્રથી તા.૨૭/૧૨/૨૦૧૬ ના રોજ બપોરે ૧૨: ૩૦ કલાકે આપની તેઓની અપીલ અરજીના નિરાકરણ સંદર્ભે તેમજ રૂબરૂ હાજર રહેવા જણાવેલ હતું, તેઓશ્રીની ઉપસ્થિતિમાં થયેલ ચર્ચા સબબ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>હુકમ</u>

અરજદારશ્રી ધ્વારા તા.૨૪/૧૧/૧૬ નાં રોજ કરવામાં આવેલ અત્રેના રેકર્ડ ચકાસણી અંતર્ગત તેઓને આપવા જોગ થતી માહિતી પેટે રૂા. ૧,૪૦૦/– પૈ. સુરત મહાનગરપાલિકા ખાતે ભરપાઈ કરી, તેની રસીદ અત્રે રજુ કર્યેથી દિન–૦૨ (બે) માં માહિતી અત્રેના ખર્ચ ટપાલ માફરતે મોકલવામાં આવશે તે મુજબ જણાવવામાં આવેલ અને ત્યારબાદ તેઓશ્રી રૂબરૂ રેકર્ડ ચકાસીને ડોકયુમેન્ટસની સુચવેલ / માંગેલ માહિતી તે તબકકાવાર પૂરી પાડવાનું નકકી થયેલ હતુ. અરજદારશ્રીએ નાંણા ભર્યાની રસીદ હજુ સુધી અત્રેના વિભાગમાં રજુ કરેલ નથી. અરજદારશ્રીની રૂબરૂ મુલાકાત દરમિયાન થયેલ ચર્ચા સબબ તેઓએ સંતોષ વ્યકત કરેલ છે. જેથી અરજદારની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

આપનો વિશ્વાસુ

નં.ડ્રેનેજ/આરટીઆઈ/૯૬
તા.૧૭/૦૧/૨૦૧૭

**(ઈ.એચ. પઠાણ)**
**અપીલ અધિકારી અને**
**કાર્યપાલક ઈજનેર (ડ્રેનેજ વિભાગ)**
**સુરત મહાનગરપાલિકા**
આપનો વિશ્વાસુ

નકલ રવાના :– (૧) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર શ્રી ડ્રેનેજ પ્રતિ,.... જાણ સારૂ.
(૨) સેકશન ઓફિસરશ્રી (ડ્રેનેજ વિભાગ) પ્રતિ,..... જાણ સારૂ.

સુરત મહાનગરપાલિકા,
૧–માળ, જુની વેસ્ટ ઝોન ઓફિસ તાડવાડી રાંદેર, રોડ
મુગલીસરા, સુરત – ૩૯૫ ૦૦૯

☎ (૨૬૧) ૨૭૮ ૦૦૫૭, ૨૭૮ ૦૧૭૧ એક્ષટેન્શન ૨૦૧
(૨૬૧) ૨૭૮૩૭૫૧
xen.drg.smc@gmail.com
Visit us at www.suratmunicipal.gov.in

RIGHT TO INFORMATION

ઈ. એચ. પઠાણ
કાર્યપાલક ઈજનેર અને
અપીલ અધિકારી (ડ્રેનેજ વિભાગ)
સુરત મહાનગરપાલિકા

અરજદાર :– શ્રી મોહમદ રફીક અ રહેમાન હોટલવાલા.
સામાવાળા:– જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે.ઈજનેરશ્રી (ડ્રેનેજ વિભાગ)
**ફરિયાદની હકિકત :–**

વિષય:– આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી મોહમદ રફીક અ રહેમાન હોટલવાલાની અરજી આઈ.ડી. નં. ૪૧૦,૪૧૧ તા.૪/૫/૧૬ બાબત.

સંદર્ભ:– (૧) અત્રેના વિભાગનો પત્ર ડીએનજી/આરટીઆઈ/ જાવક/ ૧૩,૧૪ તા.૧/૬/૧૬
(૨) અરજદારની અપીલ અરજી ન.૨૦૩, ૨૦૩/૧ તા.૭/૬/૧૬.

માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ ઉપરોકત વિષય અને સંદર્ભથી અરજદાર મોહમદ રફીક અ રહેમાન હોટલવાલાની અપીલ અરજી નં.–૨૪, ૨૫ (સેન્ટ્રલ ઝોન), તા.૭/૦૬/૨૦૧૬ ના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે. ઈજનેરશ્રી, ડ્રેનેજ વિભાગ તરફથી આપવામાં આવેલ પ્રત્યુત્તર, પત્ર નં. ડ્રેનેજ/ આરટીઆઈ/ જાવક/૧૩ અને ૧૪ તા.૧/૬/૧૬ ના અનુસંધાનમાં અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી અપીલ તથા રજુઆત માટે અપીલ અધિકારીશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રી (ડ્રેનેજ વિભાગ) ને સંદર્ભ (૨) હેઠળના પત્રથી અપીલ અરજી તા.૦૭/૦૬/૨૦૧૬ ના રોજ મળેલ. જેના અનુસંધાનમાં અરજદારશ્રીને તા.૨૩/૦૬/૧૬ ના રોજ બપોરે ૧૨–૩૦ કલાકે તેઓશ્રીની અરજીના નિરાકરણ સંદર્ભે રૂબરૂ રજુઆત માટે હાજર રહેવા જણાવેલ હતું, અને જે અન્વયે તેઓશ્રી કાર્યપાલક ઈજનેરશ્રી (ડ્રેનેજ) નીસમક્ષ રૂબરૂ હાજર રહેલ હતા. જેના અનુસંધાનમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## હુકમ

અરજદારશ્રીની મુળ અરજી, જાહેર માહિતી અધિકારીશ્રીનો પત્ર અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં, નીચે મુજબનો હુકમ કરી અપીલ નિકાલ કરવામાં આવે છે.

અરજદારની સંદર્ભ(૨) હેઠળની તા.૦૭/૦૬/૨૦૧૬ ની અપીલ અરજી અન્વયે અપીલ અધિકારીશ્રી સમક્ષ તા.૨૩/૦૬/૨૦૧૬ નાં રોજ રૂબરૂ હાજર રહેવા જણાવવામાં આવેલ, તે મુજબ તેઓ હાજર રહયા હતા. સુનાવણી /ચર્ચા દરમ્યિાન તેઓને બધી સમજ આપવામાં આવેલ કે આ બધી કામગીરી સેન્ટ્રલ ઝોન તરફથી કરવામાં આવે છે. તેવી સમજ આપી અરજદારની અપીલ અરજી દફતરે કરવામાં આવેલ છે.

વધુમાં તેઓએ તા.૨૯/૬/૧૬ નાં રોજ ફરી નવી રજુઆત કરેલ તે બાબતે અલગથી કાર્યવાહી કરવામાં આવશે.

આપનો વિશ્વાસુ

નં.ડ્રેનેજ/આરટીઆઈ/૨૯
તા.૨૭/૦૭/૨૦૧૬

**(ઈ.એચ. પઠાણ)**
**અપીલ અધિકારી અને**
**કાર્યપાલક ઈજનેર (ડ્રેનેજ વિભાગ)**
**સુરત મહાનગરપાલિકા**

પ્રતિ,
(૧) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર શ્રી ડ્રેનેજ પ્રતિ,.... જાણ તથા અમલ માટે.
(૨) સેકશન ઓફિસરશ્રી (ડ્રેનેજ વિભાગ) પ્રતિ,..... જાણ સારૂ.
(૩) શ્રી મોહમદ રીફક અ રહેમાન હોટલવાલા,

સુરત મહાનગરપાલિકા,
૧–માળ, જુની વેસ્ટ ઝોન ઓફિસ તાડવાડી રાંદેર, રોડ
મુગલીસરા, સુરત – ૩૯૫ ૦૦૯

☎ (૨૬૧) ૨૭૮ ૦૦૫૭, ૨૭૮ ૦૧૭૧ એક્ષટેન્શન ૨૦૧
(૨૬૧) ૨૭૮૩૭૫૧
✉ xen.drg.smc@gmail.com
Visit us at www.suratmunicipal.gov.in